પુરૂષને માત્ર દૃષ્ટિ હોય છે, જ્યારે સ્ત્રીને અંતરદૃષ્ટિ
- બમ્ફર્ડ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૫૨ | ૧૦ ઓગષ્ટ ૨૦૧૨, શુક્રવાર, શ્રાવણ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાજ્યમાં પોલીસતંત્ર માટે બુલેટપ્રૂફ વાહનો

**પોલીસ તંત્રના આધુનિકરણ અને આતંકવાદી હુલમાઓ સામે સજ્જ થવા ૨૬ બુલેટપ્રૂફ વાહનોનું પાસીંગ કરાયું : ગાંધીનગર આરટીઓ કચેરીમાં નોંધણી : એ.કે. ૪૭, હેન્ડ ગ્રેનેડ, બોમ્બ કે અન્ય કોઈ શસ્ત્રોની અસર વાહનમાં બેઠેલા જવાનોને થશે નહીં**

ગાંધીનગર, તા. ૯

રાજ્યમાં પોલીસ તંત્રના આધુનિકરણ અને આતંકવાદી હુમલાઓ સામે સજ્જ કરવા માટે ૨૬ જેટલા બુલેટપ્રુફ વાહનોનું પાસિંગ આજે ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીએ કર્યું છે.

ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીમાં આજે આ વાહનો આવ્યા હતા. અત્યંત આધુનિક આ વાહનોની વિશેષતા એ છે કે આ વાહનો આતંકવાદીઓ સુધી પહોંચવા માટે સંપૂર્ણ સુરક્ષિત છે એટલુ જ નહિ એ.કે.૪૭, હેન્ડગ્રેનેડ બોમ્બ કે અન્ય કોઈ હથિયારોની અસર આમાં સવાર જવાનોને કરી શકશે નહિ.

૨ાા ટનથી સાત થી ૮ ટન જેટલુ વજન ધરાવતા આ વાહનોમાં છ જેટલા નાના વાહનો છે જ્યારે ૨૦ જેટલા મોટા વાહનો છે. આ વાહનોમાં ગનપોઈંટ આવેલા છે અને તેમાં બેસી સવાર ફાયર કરી શકે તેવી પણ અત્યંત આધુનિક સુવિધા પણ ઉપલબ્ધ કરાવેલી છે.

નાના વાહનોનું વજન ૨ાા ટનથી ૪ ટન જેટલુ છે તેમજ આ વાહનોના ટાવર પણ ટ્યુબવેલ હોવાને કારણે તે ૨૫ કિ.મી. જેટલા પંચર પછી પણ ચાલી શકે તેટલી ક્ષમતા ધરાવે છે.

રાજ્ય સરકારે અંદાજપત્ર પરની ચર્ચા દરમ્યાન જ રાજ્યમાં પોલીસતંત્રનું આધુનિકરણ કરવામાં આવશે એટલુ જ નહિ પણ આધુનિક સાધનોથી સુસજ્જ કરવા માટેની જરૂરી જોગવાઈઓ કરી હોવાની જાહેરાત રાજ્ય ગૃહ મંત્રીએ પ્રવચન દરમ્યાન કરી હતી.

રાજ્ય સરકાર દ્વારા આ અગાઉ ઈન્સાસ રાયફલોની પણ ખરીદી કરવામાં આવી હતી. રાજ્ય સરકાર પોલીસતંત્રને આગામી દિવસોમાં વધુ નવા સાધનોથી વધુ સુસજ્જ કરનાર હોવાનું ગૃહ વિભાગના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.



પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ વાહનો પ્રથમ તબક્કે દરેક રેન્જમાં બે ફાળવવામાં આવશે. આ ઉપરાંત ચતેક કમાન્ડોને પણ ફાળવવામાં આવનાર છે. અમદાવાદ શહેરમાં બે નાના અને બે મોટા એમ ચાર વાહનોની ફાળવણી પ્રથમ તબક્કે કરાશે તેમ આ સૂત્રોએ જણાવ્યું છે.

# રાજ્યના છ સનદી અધિકારી બદલાયા

**નવા ગૃહ સચિવ તરીકે એસ કે નંદા : વરેશ સિંહા નાણાં વિભાગમાં અધિક મુખ્ય સચિવ તરીકે**

ગાંધીનગર, તા. ૯

રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે આજે મોડી સાંજે છ ઉચ્ચ સનદી અધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે. જેમાં રાજ્યના ગૃહ સચિવ તરીકે એસ કે નંદાને મૂકવામાં આવ્યા છે. જ્યારે ગૃહ સચિવ વરેશ સિંહાને નાણાં વિભાગમાં અધિક મુખ્ય સચિવ તરીકે મૂકવામાં આવ્યા છે.

રાજીવ ગુપ્તાને પાણી પૂરવઠા વિભાગમાં તો કે. શ્રીનિવાસને સામાન્ય વહીવટ વિભાગમાં નિમણૂંક આપવામાં આવી છે. ધનંજય દ્વિવેદીને સંયુક્ત સચિવ પદે બઢતી આપી સામાન્ય વહીવટ વિભાગમાં મૂકવામાં આવ્યા છે.

**જોઈએ છે**

એપ્રેન્ટિસ એક્ટ હેઠળ નીચે મુજબના આઈ.ટી.આઈ. એપ્રેન્ટીસોની તાત્કાલિક જરૂર છે.

| અ.નં. | ટ્રેડ |
|---|---|
| ૦૧ | ફીટર |
| ૦૨ | ઈલેક્ટ્રોનિક્સ મિકેનીક |
| ૦૩ | ડી.પી.સી.એસ. |
| ૦૪ | ઈલેક્ટ્રીશીયન |
| ૦૫ | ટૂલ ડાઈ મેકર |

સ્ટાઈપેન્ડ : માસિક રૂ. ૩૦૦૦/-

મોલેક્ષ (ઈન્ડીયા) પ્રાઈવેટ લી.

પ્લોટ નં. સી-૭ અને ૮, ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૫, ગાંધીનગર - ૩૮૨૦૪૪

ફોન નં. : (૦૭૯) ૬૬૭૩૭૭૭૮ / ૯૧ / ૯૨

તા. ૨૧/૮ થી શરૂ થતી કર્મચારીઓ, વહેપારીઓ માટેની બેચ (રાત્રે ૮ થી ૯-૩૦)માં જોડાઈ

વેકેશનમાં કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.

**નાણાવટી**

H.O. : હોટેલ 'સ્ટે-ઇન'ની બાજુમાં, ઘ-૫ નજીક, સેક્ટર-૧૬.
ઓફિસ સમય : સવારે ૮થી ૧ સાંજે ૪થી ૮ (રવિવારે સવારે ૮ થી ૧)
Branch : ગ-૨ સર્કલ, (શાખાના એડમિશન માટે નાણાવટી સ્કૂલ, ગાર્ડન સામે, સે.૬ ખાતે સવારે ૮ થી ૧માં મળી શકાશે.
સેલફોન નં. : ૯૩૭૫૧ ૬૦૮૪૮







ગાંધીનગર સમાચાર

**અંકબંધ**

આજે જન્માષ્ટમી પર્વ નિમિત્તે ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી તા. ૧૧-૮-૨૦૧૨-નો શનિવારનો અંક પ્રસિદ્ધ થશે નહિ. જેની વાચક-વિતરક પરિવારને નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક

**ભવ્ય પુસ્તક મેળો**

ફોક્સ લાયફબેરી

તા. ૮-૯-૧૨ થી ૧૨-૮-૧૨

૧૦% થી ૧૫% સુધીનું આકર્ષક ડિસ્કાઉન્ટ

સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧, કુડાસણ, ગાંધીનગર

૦૭૯-૬૫૭૨૭૩૭૪

**આજે જન્માષ્ટમી પર્વે**

ફરાળી વાનગીઓનું વિશિષ્ઠ ભોજન

**અનલિમિટેડ લંચ બૂફે**

બટાકાની સુકી ભાજી, રાજગરા પુરી, સાબુદાણાની ખીચડી, બફવડા મોરૈયાની ખીચડી, કઢી, દહીં, સાબુદાણા પાપડ, રાજગરા શીરો

(સમય બપોરે ૧૨ થી ૨-૩૦)

માત્ર ૧૯૯ રૂપિયા

**ઝાયકા**

ઈન્ફોસીટી ક્લબ એન્ડ રીસોર્ટ

ઘ-૦, ગાંધીનગર




**GREEN LEAF**
FINE DINE RESTAURANT & CAFE

પર્વો-પ્રસંગોએ વિશિષ્ટ સ્વાદ માણો

ઈન્ફોસીટીમાં શ્રેષ્ઠ પંજાબી ફુડનો આસ્વાદ માણો

ચાઈનીઝી, કોન્ટિનેન્ટલ ફુડ, પીઝા, સીઝલર અને ઘણું બધું

શુદ્ધ શાકાહારી રેસ્ટોરન્ટ

સવારે ૧૧-૦૦ થી બપોરે ૩-૦૦ સુધી ● સાંજે ૬-૩૦ થી રાત્રે ૧૧ સુધી

**ગ્રીનલીફ રેસ્ટોરન્ટ એન્ડ કાફે**

સુપર મોલ-૨, પહેલો માળ, રીબોક શો-રૂમની ઉપર, ઘ-૦ પાસે, ઈન્ફોસીટી, ગાંધીનગર

www.greenleafrestaurant.in

ફોન : ૯૨૨૮૦૦૧૮૯૬, ૯૫૫૮૨૮૦૫૭

પાર્ટી માટે જગ્યા ઉપલબ્ધ છે : બુકીંગ કરાવો

ગાંધીનગરનું શ્રેષ્ઠ ભોજન